વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૧૫** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ પ્રાસ્તાવિક ગાથા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રોના આધારે નીચેની ગાથાઓ ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ છ)** **૪૦**

ક) ૧) જાઇં .......... પાવં

**જ: ૧) જાઇં ચ વુડ્ઢિંચ ઇહજ્જસ પાસ, ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।**

તમ્હાતિવિજ્જે પરમં ત્તિ ણચ્ચા, સમ્મતદંસી ન કરેઈ પાવં ।।

ભાવાર્થ : હે આર્ય ! તું આ સંસારમાં જન્મ અને વૃદ્ધિ અર્થાત જન્મ મરણના દુ:ખો જો તું પ્રાણીઓના કર્મબંધ અને તેના વિપાક રૂપ દુ:ખને જાણી તેની સાથે પોતાના સુખદુ:ખનો સમન્વય કર તેનાથી અત્યંત વિદ્વાન બનેલો સાધક મોક્ષને જાણી સમ્યકત્વદર્શી થઈ જાય છે. સમ્યકત્વદર્શી મિથ્યાત્વના પાપનુ આચરણ કરતો નથી.

૨) વિત્તેણ .......... દટ્ઠુમેવ

**જ: ૨) વિત્તેણ તાણં ણ લભે પમત્તે, ઇમમ્મી લોએ અદુવા પરત્થા ।**

દીવપ્પણટ્ઠેવ વઅણંતમોહે, નેયાઉયં દટ્ઠુમુદટ્ઠુમેવ ।।

ભાવાર્થ : અધર્મી જીવોને ધન આ લોકમાં છે પરલોકમા શરણરૂપ થતું નથી. દીવો બુઝાઈ જતાં અજવાળામાં જોયેલો માર્ગ પણ દેખાતો નથી તે જ રીતે અનંત મોહના કારણે સ. જ્ઞાન, દર્શનરૂપ દીપક બુઝાઈ જતાં મોક્ષ માર્ગ દેખાતો નથી.

૩) એગો .......... સાસઈ

**જ: ૩) એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।**

એવં અદીણ મણસા, અપ્પાણ-મણુ-સાસઈ ।।

ભાવાર્થ : હું એકલો છું મારું કોઈ નથી તેમજ હું પણ કોઈ બીજાનો નથી એમ મનમાં દીનતા લાવ્યા વિના સમાધિસ્થ, શાંતચિત્તે, નિર્મમત્વ ભાવે પોતે પોતાના આત્માનું અનુશાસન કરે.

૪) દેવ .......... કરંતિતે

**જ: ૪) દેવ દાણવ ગંધવા, જક્ખ રક્ખસ્સ કિન્નરા ।**

બંભયારિં નમંસંતિ, દુક્કરં જે કરંતિ તે ।।

ભાવાર્થ : જે દુષ્કર તથા ઘોર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે એવા સાધક આત્માઓ ના ચરણમા વૈમાનિક, જયોતિષ, ભવનપતિ તથા ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર આદિ વ્યંતર દેવો એમ ચારે જાતિના દેવો પોતાનું મસ્તક નમાવી નમસ્કાર કરે છે.

૫) ખિપ્પં .......... અપ્પમત્તો.

**જ: ૫) ખિપ્પં ન સક્કેઈ વિવેગમેઉ, તમ્હા સમુટ્ઠાય પહાય કામે ।**

સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણુ રક્ખી ચરેડપ્પમ્મતો ।।

ભાવાર્થ : શીઘ્રતાથી વિવેક (કષાય ત્યાગ) પ્રાપ્ત થવો શકય નથી. માટે દુર્ગતિથી પોતાના આત્માની રક્ષા કરવાવાળા મોક્ષાર્થી મુનિ કામભોગને ત્યાગી, લોકના સ્વરૂપને સમભાવ પૂર્વક જાણી, અપ્રમાદી થી સાવધાની પૂર્વક વિચરે.

૬) ન વિ .......... વીત્તરાગી

**જ: ૬) ન વિ સુહી દેવતા દેવલોએ, ન વિ સુહી પુઢવીપઈ - રાયા।**

ન વિ સુહી સેઠ-સેણાવઈ ય, એગંત સુહી મુણી વીયરાગી ।।

ભાવાર્થ :અધિક પ્રાપ્તિની આકાંક્ષાવાળા દેવલોકના દેવો, પૃથ્વીપતિ ચક્રવર્તી આદિ રાજાઓ, શ્રીમંત શેઠો અને મહાસત્તાશાળી સેનાપતિઓ પણ કર્મ સંયોગે સુખનો અનુભવ કરી શકતા નથી પરંતુ આકાંક્ષા રહિત, નિ:સ્પૃહ, વીતરાગી મુનિઓજ એકાંત સુખી છે.

૭) ચૌદ .......... જાણીએ.

**જ:** ૭) **ચૌદ પૂરવધાર કહીએ, જ્ઞાન ચાર વખાણીએ ।**
**જિન નહીં પણ જિન સરીખા, સુધર્મા સ્વામીને જાણીએ ।।**
ભાવાર્થ : પંચમ ગણધર સુધર્મા સ્વામી ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ મન:પર્યવ જ્ઞાન) સહિત તથા ૧૪ પૂર્વધર હતા. તેઓ જીનેશ્વર ભગવાન ન હોવા છતાં પણ જિન સમાન હતા.

**ખ) નીચેના પ્રશ્નોમાં માગ્યાપ્રમાણે જવાબ આપો : (૧૪)**

૧) વિશુધ્ધ બ્રહ્મચારી કેવા છે ? તે બતાવો અને તે ગાથામાં કયા વ્રતનો મહિમા બતાવ્યો છે ?

**જ:** ૧) **વિશુધ્ધ બ્રહ્મચારી કોઈ થી પણ અપરાજિત તથા સર્વ સદગુણોમાં એક અદ્વિતિય નાયક સમાન છે. મોક્ષમાર્ગ માટે મસ્તકના મુગુટમણિ સમાન છે. આ ગાથામાં શીલવ્રતનો મહિમા બતાવ્યો છે.**

૨) તીર્થંકર નામ કર્મ બાંધવાના ૪થો, ૮મો, ૧૨મો અને ૧૫મો બોલ લખો.

**જ:** ૨) ૪ થો બોલ : ગુણવંત ગુરુના ગુણકિર્તન કરવાથી, ૮ મો બોલ : ભણેલા જ્ઞાનમાં ઉપયોગ મુકવાથી, ૧૨ મો બોલ : લીધેલ વ્રત પચ્ચક્ખાણ નિરતિચાર પાળવાથી, ૧૫ મો બોલ : **અભયદાન સુપાત્રદાન દેવાથી**

૩) ''પ્રમાદ અનર્થકારી છે'' તે બતાવતી માત્ર ગાથા લખો.

**જ:** ૩) મજ્જ વિસયકસાયા, નિદ્દા વિકહાય પંચમી ભણિયા ।
એ એ પંચપ્પમાયા, જીવા પાડંતિ સંસારે ।।

૪) નગરી શેનાથી શોભે છે ? સાધુ શેનાથી શોભે છે ?

**જ:** ૪) **જળાશયો તેમજ સરોવરોથી, છાયા પ્રધાન વટવૃક્ષોથી તથા લતા મંડપોવાળા બાગોથી નગરી શોભે છે. નિર્વધ, નિર્દોષ વાણીથી સાધુજન શોભે છે.**

૫) સાધકને કયા પક્ષી સાથે સરખાવ્યો છે ? તે પક્ષી કેવું છે ?
આ વાત જે ગાથામાં આવે છે તે કયા આગમના કયા અધ્યયનની છે ?

**જ:** ૫) **સાધકને ભારંડ પક્ષી સાથે સરખાવ્યો છે. ભારંડ પક્ષી અપ્રમાદી (પ્રમાદ રહિત) છે આ વાત શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર-૪ થા અધિકારની છે.**

૬) પ્રતિહાર્ય એટલે શું ? ૨જુ (બીજું) અને ૫મું (પાંચમું) પ્રતિહાર્યનાં નામ લખો.

**જ:** ૬) **પ્રતિહાર્ય એટલે વિશિષ્ટ ઉદયે મળેલી ઋધ્ધિ. બીજું દિવ્ય પુષ્પોની વૃષ્ટી પાંચમું મણિજડિત સ્ફટિકનું સિંહાસન.**

૭) સ્વચ્છંદ ત્યાગથી મુનિ શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે તે બતાવતી ફક્ત ગાથા લખો.

**જ:** ૭) છંદ નિરોહેણ ઉવેઈ મોક્ખં, આસે જરા સિક્ખિય વમ્મધારી ।
પુવ્વાઈ વસાઈ ચરેપ્પમ્મતો, તુમ્હા મુણી ખિપ્પમુવેઈ મોક્ખં ।।

**જ. સાથે** **ગ) નીચેના શબ્દોના અર્થ લખો : (૪)**

| | | |
|---|---|---|
| ૧) ફાસા | - | સ્પર્શ |
| ૨) ભેએ | - | નાશ |
| ૩) વિહિંસા | - | હિંસક |
| ૪) તિરિય | - | તિર્યંચગતિ |
| ૫) અસંકિલિટ્ઠા | - | રાગાદિ ક્લેશ રહિત |
| ૬) નિચ્ચે | - | નિત્ય |
| ૭) એગં | - | એક અદ્વિતિય |
| ૮) સંસિચ્ચમાણા | - | સંગ્રહ કરવાથી |

**ઘ) નીચેના શબ્દોનું માગધી લખો : (કોઇ પણ ચાર) (૪)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ઇન્દ્રિય દમનાર | - | દંતે |
| ૨) | વારંવાર | - | અભિકખ પુણ। |
| ૩) | માનતો થકો | - | મણ્ણામાણો |
| ૪) | મોક્ષફળ | - | સિધ્ધિ |
| ૫) | અનુરક્ત | - | રએ અણુગયા |
| ૬) | વિનયથી | - | વિણએજ્જ |

**પ્ર. : ૨ લેશ્યાના આધારે જવાબ આપો : ૧૫**

**ક)** ૧) લેશ્યાનો બીજા, પાંચમાં, ૭મા, ૯મા દ્વારનું નામ લખો : **(૨)**

**જ:** ૧) દ્વારના નામ ૨) - વર્ણ ૫) - સ્પર્શ ૭) - લક્ષણ ૯) સ્થિતિ દ્વાર

૨) રૂપી લેશ્યાની વ્યાખ્યા લખો. **(૧)**

**જ:** ૨) રૂપી લેશ્યા - પરિણામ (અધ્યવસાય)ના કારણે આત્માતત્ પ્રકારના પુદગલોને ગ્રહે છે તે દ્રવ્ય લેશ્યા છે તે રૂપી લેશ્યા છે.

૩) લેશ્યાના ૮મા દ્વારનું નામ લખો, તે દ્વાર સમજવો. **(૧½)**

**જ:** ૩) ૮મો સ્થાનક દ્વાર છે

સ્થાનક દ્વાર - અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણીના જેટલા સમય થાય તથા અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ થાય. એટલા લેશ્યાના સ્થાનક જાણવા

૪) ચ્યવન દ્વાર સમજાવો - સંપૂર્ણ દ્વાર લખવો. **(૩)**

**જ:** ૪) ચ્યવન દ્વાર :- કોઈપણ લેશ્યાના પ્રથમ પરિણામન સમયે કોઈ જીવનું ઉત્પન્ન કે ચ્યવન થતું નથી ૨) લેશ્યાના છેલ્લા સમયે પણ કોઈ જીવનું ઉત્પન્ન કે ચ્યવન થતું નથી. પરભવને વિષે કેમ ચ્યવે - જ્યારે જીવનું અંતિમ અંતમુહુર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે ત્યારે આવતા ભવમાં પ્રાપ્ત થવા વાળો લેશ્યાના પરિણામ તે જીવમાં અવશ્ય આવી જાય છે. પછી તે જ લેશ્યાની સાથે જીવ પરભવમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થવાના પ્રથમ અંત:મુહુર્ત સુધી તે જ લેશ્યાના પરિણામ રહે છે.

૫) સુબાહુ સ્વામીને અને સુવિધિનાથ સ્વામીને જે લેશ્યા હોય તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. **(૧½)**

**જ:** ૫) સુબાહુ સ્વામી ને પરમ શુક્લ લેશ્યા હોય તેની જઘ. અંતમુહુર્ત, ઉત્કૃષ્ટ - દેશે ઉણી ક્રોડ પૂર્વ વર્ષની સ્થિતિ છે.

સુવિધિનાથ સ્વામી મોક્ષમાં બિરાજે છે. તેઓ સિધ્ધ છે તેથી અલેશી છે.

૬) પાંચે સ્થાવરની લેશ્યા કઈ છે ? તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. **(૨)**

**જ:** ૬) પૃથ્વી, અપ અને વનસ્પતિ કાયના અપર્યાપ્તામાં ૪ લેશ્યા - કુષ્ણ, નીલ, કાપોત, તેજો આ ત્રણના પર્યાપ્તામાં - પ્રથમની ત્રણ લેશ્યા

તેઉ - વાયુના પર્યાપ્તા, અપર્યાપ્તામાં - પ્રથમની ત્રણ લેશ્યા

સર્વમાં ઉત્કૃષ્ટ સ્થિતિ - અંતમુહુર્ત

**ખ) મને ઓળખો, હું કઈ લેશ્યા છું ?** **(૪)**

| | | જવાબ |
|---|---|---|
| ૧) | હું માયાવી છું | - નીલ લેશ્યા |
| ૨) | હું સ્વાધ્યાય આદિમાં રત રહેનાર છું. | - તેજો લેશ્યા |
| ૩) | હું માયા રહિત છું. | - તેજો લેશ્યા |
| ૪) | મારો રસ રોહિણી વનસ્પતિના રસ જેવો છે. હું કઈ લેશ્યા છું ? | - કૃષ્ણ લેશ્યા |
| ૫) | હું પાપથી ડરનારો છું. | - તેજો લેશ્યા |
| ૬) | હું માયાનો ગવેષક છું. | - નીલ લેશ્યા |
| ૭) | મારી ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યની છે. હું કઈ લેશ્યા છું ? અને કયાં મારી આટલી સ્થિતિ છે ? | - તેજો લેશ્યા – વ્યંતર દેવમાં |
| ૮) | હું માયા કરીને હરખાઉં છું. | - કાપોત લેશ્યા |

**પ્ર. : ૩ અષ્ટ પ્રવચન માતાના આધારે લખો :** **૧૫**

૧) ગુપ્તિ એટલે શું ? **(૨)**

**જ:** ૧) ગુપ્તિ એટલે ગોપવવું. બુધ્ધિ અને શ્રધ્ધાપૂર્વક મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવા તથા આત્મગુણોની રક્ષા કરવી તે.

૨) ઇરિયા સમિતિના ૪થા ભેદનું નામ લખો. સંપૂર્ણ ભેદ સમજાવો. **(૪)**

**જ:** ૨) ઇરિયા સમિતિના ચોથા ભેદનું નામ યત્ના (જયણા–સાવધાની) તેના ૪ ભેદ તે

૧) દ્રવ્યથી – છ કાય જીવોને ચક્ષુથી જોઈને ચાલે

૨) ક્ષેત્રથી – ધૂંસરી (૩ ।।/ ૪ હાથ) પ્રમાણ જમીન આગળ જોતાં ચાલે

૩) કાળથી – દિવસે ચાલે

૪) ભાવથી – રસ્તે ચાલતાં ૧૦ બોલ વર્જીને ઉપયોગ પૂર્વક ચાલે તે વાંચન. પૂછવું, પર્યટ્ટણા, અનુપેક્ષા, ધર્મકથા આદિ ન કરે તેમજ શબ્દ રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ વિષયમાં ધ્યાન ન દે.

૩) સાધુ પડિલેહણ ક્યારે કરે ? તે કઈ સમિતિનો કેટલામો ભેદ છે ? **(૨)**

**જ:** ૩) **પહેલા પ્રહરના પહેલા ચોથા ભાગે અને ચોથા પ્રહરના છેલ્લા ચોથા ભાગે કરે આ ૪ થી સમિતિ આદાન ભંડ મત્ત નિકખેવણિયા સમિતિનો ત્રીજો ભેદ કાળથી છે**

૪) વચન ગુપ્તિ દ્રવ્યથી અને કાય ગુપ્તિ ભાવથી સમજાવો. **(૧)**

**જ:** ૪) **વચન ગુપ્તિ દ્રવ્યથી – ચાર વિકથા ન કરે**

**કાયગુપ્તિ ભાવથી–સાવદ્ય યોગ ન પ્રવર્તાવે**

૫) એષણા કેટલા પ્રકારની છે તે સમજાવો. **(૩)**

**જ:** ૫) **એષણા ત્રણ પ્રકારની છે.**

**૧) ગવૈષણૈષણા – આહારાદિ ગ્રહણ કરતાં પહેલા શુધ્ધિ અશુધ્ધિ જોવી તે**

**૨) ગ્રહણૈષણા – આહારાદિ ગ્રહણ કરતાં વખતે શુધ્ધિ અશુધ્ધિની સાવધાન રાખવી તે**

**૩) પરિભોગૈષણા – આહારાદિ ભોગવતી વખતે શુધ્ધિ અશુધ્ધિનું ધ્યાન રાખે તે.**

૬) પાંચમી સમિતિનો બીજો ભેદ અને બીજી સમિતિનો ત્રીજો ભેદ સમજાવો (૨)

**જ:** ૬) **પાંચમી સમિતિનો બીજો ભેદ**

ક્ષેત્ર થી – વસ્તીને દુર્ગંછા થાય ત્યાં કે જાહેર રસ્તા પર ન પરડે

બીજી સમિતિ – ભાષા સમિતિનો ત્રીજો ભેદ

કાળથી રાત્રે ૧ પ્રહર વીત્યા બાદ જોરથી ન બોલે

૭) ત્રણ ગુપ્તિ એ કયા આગમનું કેટલામું અધ્યયન છે ? **(૧)**

**જ: ૭) શ્રી ઉત્તરઅધ્યયન સૂત્ર, અધ્યયન – ૨૪ નો અધિકાર છે.**

**પ્ર.: ૪ સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : ૧૦**

૧) નીચેનાની પાઠપૂર્તિ કરો :

ખામેમિ .......... પડિક્કમામિ.

**જ: ૧) ખામેમિ ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ પડિક્કમામિ.**

૨) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : **(૨)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) અવિતહં | – | મિથ્યાત્વ રહિત છે, સત્ય છે, યથાર્થ છે |
| ૨) સૂપવિહિં | – | કઠોળની જાત અને માપની મર્યાદા |
| ૩) દંસણે | – | સમ્યગ્ દર્શનને વિષે |
| ૪) આઉલ માઉલાએ | – | આકુળ વ્યાકૂળતાથી |

૩) નીચેના શબ્દોનું અર્ધમાગધી લખો : **(૨)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) નિર્દોષ | – | એસણિજ્જેણં |
| ૨) રોકી દીધા છે | – | પડિહય |
| ૩) ચાડી-ચુગલી કરવી | – | પૈશુન્ય |
| ૪) કરેલ હોય. | – | કરણયા |

૪) અટ્ઠાવીસાએ આચારપ્પકપ્પેહિં નો અર્થ લખો. **(૨)**

**જ: ૪) અટ્ઠાવીસાએ આચારપ્પકપ્પેહિ – ૨૮ આચાર પ્રકલ્પ = આચારાંગ તથા નિશિથ સૂત્રના ૨૮ અધ્યયનોથી તદનુસાર આચરણ ન કરવાથી**

૫) નીચેના અંકો કોને લાગુ પડે છે તે સમજાવો, તેમાં ચોથા શ્રમણ સૂત્રના એક પણ શબ્દ લેવા નહીં. દા.ત.: ૨૪ – દેવ નહીં પણ ૨૪ – તીર્થંકર તેમ લેવું. **(૨)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) ૩ | – | મનોરથ |
| ૨) ૪ | – | ગતિ અથવા મંગલ |
| ૩) ૬ | – | આવશ્યક |
| ૪) ૭ | – | નરક |

**પ્ર.: ૫ મોટા માંગલિકના આધારે જવાબ લખો : ૫**

૧) આપણો ઉપયોગ ગુરુના ગુણોમાં પ્રવર્તન કરવાથી શું થાય ? **(૧)**

**જ: ૧) અમારો ઉપયોગ આપશ્રીના ગુણોમાં પ્રવર્તન કરવાથી આપના જેવા ઉજ્જવળ, નિર્મળ, નિર્મોહી, નિર્દોષ અને નિર્વિહારી બનીશું**

૨) આપણા ત્રણેય યોગોને ગુરુના ચરણકમળમાં સમર્પિત કરવાથી શું થશે ? **(૧)**

**જ: ૨) ત્રણેય યોગોને આપના ચરણ કમળમાં સમર્પિત કરવાથી અમારામાં રહેલી અનાદિ કાળની કુબુધ્ધિ, કુટેવ અને કુસંસ્કાર સર્વ ક્ષય થાય છે.**

૩) રાગ-દ્વેષને હણાવા કોનું શરણું લઈશું ? પ્રભુના ગુણ કેવી રીતે ગવાય ? **(૧)**

**જ:** ૩) રાગ-દ્વેષને હણાવા સિધ્ધ ભ. નું શરણું લઈશું, પ્રભુના ગુણ ભાવથી ગવાય.

૪) પ્રભુ મહાવીરના પ્રથમ ગણધરનું નામ શું ? તેમની કઈ વિશેષતાઓ આ મોટા માંગલિકમાં બતાવી છે ? **(૨)**

**જ:** ૪) ગૌતમ સ્વામી, અનેક લબ્ધિના ભંડાર, અંગુઠામાં અમૃત વસતુ હતુ અને મનવાંછિત ફળના દાતાર છે.

**પ્ર.: ૬ ભક્તામરના આધારે જવાબ લખો : ૧૫**

**ક) નીચેની ગાથા લખો - ભાવાર્થ લખો :**

૧) કુન્દાવદાત્ .......... કૌમ્ભમ્ **(૪)**

**જ:** ૧) કુન્દાવદાત્ ચલ ચામર ચારુ શોભં,
વિભ્રાજતે તવ વપુ : કલધૌત કાન્તમ્ ।
ઉદ્યચ્છશાંક-શુચિ-નિર્ઝર-વારિધાર,
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાંતકૌમ્ભમ્ ।।

ભાવાર્થ - જેવી રીતે ઉદય પામેલા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરણાનાં પાણીની ધારાઓથી સુવર્ણમય મેરુપર્વતનું ઊંચુ શિખર શોભી ઉઠે છે, તેવી રીતે મોગરાના પુષ્પ જેવા શ્વેત વિઝાંતા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનારું અને સુવર્ણ જેવી કાંતિવાળુ તમારું શરીર અત્યંત શોભી રહ્યું છે.

૨) ગમ્ભીર .......... પ્રવાદી **(૪)**

**જ:** ૨) ગમ્ભીર તાર રવપુરિત-દિગ્વિભાગ,
સ્ત્રૈલોક્ય લોક શુભ સંગમ ભુતિદક્ષ ।
સદ્ધર્મરાજ-જયઘોષણ ઘોષક સન
ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસ : પ્રવાદી ।।

ભાવાર્થ -ગંભીર અને મોટા અવાજ વડે જેના નાદે દિશાઓ ગજવી મુકી છે, ત્રણે લોકના લોકોને પ્રભુનો શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મના રાજા એવા તીર્થંકર ભ. નો ''જય હો'' એવા શબ્દોની ઘોષણા કરતો આકાશમાં થતો દુંદુભીનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરે છે.

૩) શુમ્ભ્ર .......... સૌમ્યામ. **(૪)**

**જ:** ૩) શુમ્ભ્ર ત્પ્રભાવલય - ભૂરિ - વિભા વિભોસ્તે,
લોકત્રય દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।
પ્રોધદ્-દિવાકર-નિરન્તર-ભૂરિસંખ્યા,
દીપત્યા જયત્યપિ નિશામપિ સોમ -સૌમ્યામ્ ।।

ભાવાર્થ - જેમ ચંદ્ર પોતાની શીતલ પ્રભા હોવા છતાં પણ પોતાના તેજ વડે રાત્રિના અંધકારને જીતે છે તેમ પ્રકૃષ્ટ રૂપથી એક સાથે પાસે પાસે ઉદય પામતા અનેક સંખ્યાવાળા સૂર્યો જેવા હે પ્રભુ! તમારા નિતાન્ત શોભાયમાન ભામંડળની અતિશય તેજસ્વિતા ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજ ને પરાજિત કરે છે. ઝાંખા પાડી દે છે.

**ખ)** ૧) પ્રભુ કેવા બોધના દેનારા છે ? પ્રભુ ક્યારે બોધ આપે છે ? **(૧)**

**જ:** ૧) પ્રભુ જ્ઞાન રૂપી બોધથી બુધ્ધ થયા બાદ બુધ્ધિગમ્ય બોધના દેનારા છે.

૨) પ્રભુનું શરીર કોની જેમ શોભી રહ્યું છે ? **(૧)**

**જ:** ૨) ઊંચઢ્ઢં વિવિધ રંગના કિરણો વેરતા મણિમય સિંહાસનને વિષે પ્રભુનું સુવર્ણ સમાન દેદીપ્યમાન શરીર શોભી રહ્યું છે.

૩) દેવો કેવા કમળોની રચના કયાં કરે છે ? **(૧)**

**જ:** ૩) સુવર્ણ કમળોની રચના કરે છે. પ્રભુ જયાં જયાં પગ મુકે છે ત્યાં

**અથવા**

**પ્ર.: ૬ વાર્તાના આધારે જવાબ લખો :**

૧) નારકી શા માટે મનુષ્ય લોકમાં આવી શકતા નથી તેનાં કારણ લખો. **(૪)**

**જ:** ૧) ચાર કારણે નારકી મનુષ્ય લોકમાં આવી શકતા નથી તે

૧) તીવ્ર વેદના અનુભવે છે તેમાંથી મુક્તિ ન મળે માટે

૨) પરમાધામી રૂપ નરકપાલકો વડે વારંવાર દંડાય છે પીટાય છે માટે

૩) અશાતા વેદનીયનો ઉદય હોય છે માટે

૪) નરકના આયુષ્યનો ઉદય હોય છે માટે

૨) છદ્મસ્થ જીવ કેટલી વસ્તુ જોઈ શકતા નથી ? તેમાંથી છેલ્લા ૪ ના નામ લખો. **(૨)**

**જ:** ૨) છદ્મસ્થ જીવ ૧૦ વસ્તુ જોઈ શકતા નથી. તેમાંથી છેલ્લા ચાર તે

૧) ગંધ ૨) વાયુ ૩) આ જીવ જિન થશે કે નહીં ૪) આ જીવ સમસ્ત કર્મોનો અંત કરશે કે નહીં

૩) ચિત્ત કોણ હતો ? કેવો હતો ? ને કયા દેશની કઈ નગરીમાં રહેતો હતો ? **(૨)**

**જ:** ૩) ચિત્ત પરદેશી રાજાનો મિત્ર સમાન સારથી હતો તે ઘણો ઋદ્ધિ સંપન્ન હતો તે દેહયાર્ધ દેશની શ્વેતવિકા નગરીમાં રહેતો હતો.

૪) જયારે કેશીકુમાર શ્રમણ શ્વેતવિકા નગરીમાં પધાર્યા ત્યારે ચિત્તે કેશીકુમારને વિનંતી કરતાં શું કહ્યું ?

**જ:** ૪) કેશીકુમાર શ્રમણને વિનંતિ કરતા ચિત્ત સારથીએ કહ્યુ કે ''હે ભગવાન ! અમારો રાજા અધાર્મિક છે, તે રાજ્ય વ્યવસ્થા બરાબર સંભાળતા નથી તથા લોકોના હિતનું રક્ષણ કે પ્રજાપાલન યોગ્ય રીતે કરતા નથી માટે આપ રાજાને ધર્મનો ઉપદેશ આપો.

૫) કેશીસ્વામીએ ભેરીના દ્દષ્ટાંત દ્વારા પરદેશી રાજાને જીવનો કયો ગુણ સમજાવ્યો ? **(૨૧/૨)**

**જ:** ૫) જીવ અરૂપી છે તેમજ અપ્રતિહત ગતિના ગુણવાળો છે તે સમજાવતા ભેરીનું દ્દષ્ટાંત આપતા પરદેશી રાજો કહ્યુ કે કુટાગાર શાળામાં કોઈ ભેરી અને દંડ લઈને જાય પછી સંપૂર્ણ બંધ કરી શાળાની મધ્યમાં જઈ જોરથી ભેરી વગાડે તો તે અવાજ કુટાગાર શાળાની બહાર સંભાય છે ? રાજાએ હા પાડતા કહ્યું કે ભેરીનો અવાજ સંભળાય છે ત્યારે કેશી સ્વામીએ કહ્યું કે જો પુદગલ રૂપી જડ શબ્દો બહાર નીકળી શકતા હોય તો પછી જીવ તો અપ્રતિહત ગતિના ગુણવાળો હોવાથી અર્થાત પૃથ્વી, શીલા વગેરે માંથી સરળતાથી નીકળી શકે છે પણ અરૂપી હોવાથી દેખાતો નથી માટે જીવ અને શરીર અલગ છે.

૬) હાથી કરતાં કંથવાનો જીવ કઈ કઈ બાબતમાં અલ્પ છે ?
અને કઈ બાબતમાં સમાન છે ? **(૧૧/૨)**

**જ:** ૬) હાથી કરતાં કુંથવાનો જીવ કર્મ, આશ્રવ, આહાર-નિહાર, ઉચ્છવાસ નિશ્વાસમાં અલ્પ છે. પરંતુ જીવના પ્રદેશ સમાન હોવાથી સમાન પરિણામ વાળો છે.

૭) કેશી સ્વામીએ પરદેશી રાજાને ......... અને ......... નો ઉપદેશ આપ્યો **(૧)**

**જ:** ૭) કેશી સ્વામીએ પરદેશી રાજાને મુનિધર્મ અને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો.

|| જય જિનેન્દ્ર ||